મહે.સુરતના એડિશનલ સીવીલ જજ અને જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

ક્રિમીનલ કેસ નંબર - ૧૮૮૩૨/૨૦૨૩

આંક -

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી - રાહુલ રાજુભાઇ જગદેવ તથા અન્ય ચાર આરોપીઓ

ગુનો - જુગારધારા કલમ ૧૨ મુજબ

-- **<u>ચુ કા દો</u>** --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ ભેગા મળી પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા જુગારના સાધનો નાણાં ગંજીફાના પાના સાથે ડિંડોલી સુરત ખાતે જાહેરમા મળી આવી પકડાઇ જઇ ગુનો કરી ગુનો કરી જુગારધારાની કલમ ૧૨ અન્વયેનો ગુનો કરેલ હોવાથી ફરીયાદ ડિંડોલી પોલીસ સ્ટેશને ગુના રજીસ્ટર નંબર બી ૧૧૨૧૦૦૫૬૨૨૨૪૭૫/૨૦૨૨ થી નોંધાયેલ.

૨. ઉપરોક્ત મતલબની ફરીયાદ મળતા તપાસ કરનાર અધીકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લઇ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.આ કામે આજ રોજ આરોપીઓ (૧) રાહુલ રાજુભાઇ જગદેવ (૨) મુકેશ રમેશભાઇ બૈસાણે (૩) મહેશ પ્રકાશભાઇ આહીરે (૪) અજય ભગવાનભાઇ જગદેવ (૫) શિવા રાજુભાઇ બોડસે નાઓ અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓને પોલીસ પેપર્સની નકલોની ખાત્રી કર્યા બાદ આરોપીઓને જવાબ લેતા, આરોપીઓએ પોતાની સામેનો ગુનો કબુલ કરે છે. વધુમાં આરોપીઓએ આજ રોજ કબુલાત પુરશીશ આપેલ છે તેમજ નો ક્લેઇમ પુરશીશ રજુ કરેલ છે.

૩. આરોપીઓએ રાજીખુશીથી અને કોઇપણ પ્રકારના દાબદબાણ વિના ગુના કબુલાત આપી જણાવે છે કે આ પ્રકારનો ગુનો ભવિષ્યમાં નહી કરીએ તથા ગરીબ અને મજુર વર્ગના માણસ છે, અને તેઓની આર્થિક સ્થિતી ખુબ જ નબળી છે, તેઓ બાળબચ્ચા વાળા હોઇ અને પરીવારની જવાબદારી તેમના શીરે હોઇ તથા આજ પછી આવો ગુનો નહી કરીએ તેમ જણાવે છે.

૪. આરોપીઓએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપીઓની ગુના કબુલાત સાચી અને દબાણ વગર હોવાનું આરોપીઓને પુછતા આરોપીઓએ હકારમાં જવાબ આપેલ છે.

૫. R.B.Soni V/S State of Gujarat 2013 (2) GLR page No.974 ઉપર પ્રસિધ્ધ થયેલા ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે Natvar Harchandji Thakor V/S State of Gujarat 2005 (1) GLR page No.709 ના ચુકાદા ઉપર આધાર રાખી ઠરાવેલ છે કે, સને ૨૦૦૫ ના સુધારાથી આ

કલમ અન્વયે ગુનામાં કરવામાં આવેલ ન્યુનતમ સજાની જોગવાઇ દુર કરવામાં આવી છે. આથી અદાલતે આરોપીઓના વિશીષ્ટ સંજોગો ધ્યાનમાં લઇ અદાલત આરોપીઓની સજા અંગે ડિસ્કશન ધરાવે છે.

૬. ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છુ.

## --**આખરી હુકમ** --

આ કામના આરોપીઓ (૧) રાહુલ રાજુભાઇ જગદેવ (૨) મુકેશ રમેશભાઇ બૈસાણે (૩) મહેશ પ્રકાશભાઇ આહીરે (૪) અજય ભગવાનભાઇ જગદેવ (૫) શિવા રાજુભાઇ બોડસે નાઓને જુગારધારાની કલમ ૧૨ ના ગુનામા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે દોષિત ઠરાવી દરેક આરોપીને રુપીયા ૧૦૦/- (અંકે રુપીયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. સદર કેસમાં કુલ ૫ (પાંચ) આરોપીઓ હોવાથી કુલ્લે ૫૦૦/- (રુપીયા પાંચસો પુરા) દંડ, તેમજ દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામા આવે છે.

જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૭ (સાત) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામા આવે છે.

સદર કામે મુદામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ કરેલ હોય તો આ હુકમથી કાયમી કરવામાં આવે છે, અને જો વચગાળાનો હુકમ ના થયો હોય તો રોકડ રકમ સિવાયનો મુદામાલ મુળ માલીકની ખરાઇ કરી પરત આપવો.

આરોપીઓ પાસેથી ચાર્જશીટમાં કોલમ નંબર ૧૦ માં જણાવ્યા મુજબ જપ્ત કરેલ અંગજડતીના નાણાં તેમજ દાવ પરના નાણાં સરકાર હસ્તક ખાલસા કરવાનો આથી હુકમ કરવામાં આવે છે, તેમજ બાકીના મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

હુકમની જાણ સંબધીત પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજ રોજ તા. ૧૧ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સુરત
તા.૧૧/૦૨/૨૦૨૩

(શ્રીમતી મનિષા વાય.સ્વામી)
એડિશનલ સીવીલ જજ અને
જ્યુ.મે.ફ.ક.સુરત
U.I.C.No.GJ01232